# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૯૨ તા.૦૨-૧૨-૨૦૨૨

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય : ઓરી (મિઝલ્સ) રોગ અંગેની ઓળખ તથા જાણકારી માટેની માર્ગદર્શિકા બાબત.
સંદર્ભ : અર્બન હેલ્થ સોસાયટી અમદાવાદ મ્યુનિ. કોર્પો. તા.૦૧-૧૨-૨૦૨૨નો પત્ર

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે, હાલમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના અમુક વિસ્તારના બાળકોમાં ઓરીનો રોગચાળો (એપેડેમીક) નોંધાયેલ છે. ઓરી રોગ એક ચેપી વાયરસ છે, જે ચેપગ્રસ્ત વ્યકિતના સંપર્કમાં આવવાથી તેની ખાંસી અને છીંક દ્વારા ફેલાય છે. તમારી શાળામાં અભ્યાસ કરતાં બાળકોમાં આ સાથે સામેલ ઓરી (મિઝલ્સ) રોગ અંગેની ઓળખ તથા જાણકારી માટેની માર્ગદર્શિકા અનુસારના લક્ષણો જણાય તો સંદર્ભિત પત્ર મુજબની કામગીરી કરવા જણાવવામાં આવે છે.

બિડાણ :- સંદર્ભિત પત્ર

તા. ૦૨-૧૨-૨૦૨૨

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

URBAN HEALTH SOCIETY
AHMEDABAD MUNICIPAL CORPORATION
Second Floor, "Aarogya Bhavan", Old TB Hospital Compaund, Opp. Gita Mandir S.T. Bus Stand, Gita Mandir Road, Ahmedabad. – 380022.
Email ID : hr.hodnuhm@gmail.com Tel : 079-25392185

આઝાદી કા અમૃત મહોત્સવ

તા.૦૧/૧૨/૨૦૨૨

પ્રતિશ્રી,

- શાસનાધિકારીશ્રી, સ્કુલ બોર્ડ, અ.મ્યુ.કો.,
- જીલ્લા શિક્ષણાધિકારીશ્રી, અમદાવાદ (શહેર),
- જીલ્લા શિક્ષણાધિકારીશ્રી, અમદાવાદ (ગ્રામ્ય),

વિષય – ઓરી (મિઝલ્સ) રોગ અંગેની ઓળખ તથા જાણકારી માટેની માર્ગદર્શિકા બાબત.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવનું કે હાલમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના અમુક વિસ્તારમાં બાળકોમાં ઓરીનો રોગચાળો (એપેડેમીક) નોંધાયેલ છે. ઓરી રોગ એક અત્યંત ચેપી વાયરસ છે, જે ચેપગ્રસ્ત વ્યક્તિના સંપર્કમાં આવવાથી તેની ખાંસી અને છીંક દ્વારા ફેલાય છે .

વધુમાં જણાવવાનું કે બાળકોમાં ઓરી રોગચાળો ફેલાતો અટકાવાવા માટે આ પત્ર સાથે ઓરી (મિઝલ્સ) રોગ અંગેની ઓળખ તથા જાણકારી માટેની માર્ગદર્શિકા સામેલ છે જે વંચાણે લઈ આપના તાબા હેઠળની શાળામાં ફરજ બજાવતા આચાર્યશ્રી તથા તમામ શિક્ષકોને જાણકારી તેમજ કામગીરી કરાવવાની જરૂરીયાત જણાય છે. આપની શાળામાં અભ્યાસ કરતા બાળકોને ઓરીનાં લક્ષણો જેમ કે તાવ સાથે લાલ ફોલ્લી (રેશ) જણાય તો આપના નજીકના અર્બન પ્રાયમરી હેલ્થ સેન્ટર, અર્બન કોમ્યુનીટી હેલ્થ સેન્ટર અથવા ઝોનલ કચેરીએ જાણ કરવાની રહેશે.

આથી ઉપરોક્ત હકિકતથી વિદિત થઈ શાળામાં અભ્યાસ કરતા બાળકોમાં ઓરીનો રોગચાળો ફેલાતો અટકાવવા માટે શાળામાં ફરજ બજાવતા આચાર્યશ્રી તથા તમામ શિક્ષકોને આ સાથે સામેલ ઓરી (મિઝલ્સ) રોગ અંગેની ઓળખ તથા જાણકારી માટેની માર્ગદર્શિકા અનુસાર કામગીરી કરવા જરૂરી આદેશ થઈ આવવા વિનંતી.

બિડાણ :-

1. ઓરી (મિઝલ્સ) રોગઅંગેની ઓળખ તથા જાણકારી અંગે શાળા માટેની માર્ગદર્શિકા.
2. હેલ્થ વિભાગ હસ્તક અર્બન પ્રાયમરી હેલ્થ સેન્ટર, અર્બન કોમ્યુનીટી હેલ્થ સેન્ટર તથા ઝોનલ ઓફીસની યાદી.

1.12.22
શહેરી કુટુંબ કલ્યાણ અધિકારી
અ.મ્યુ.કો.

૧.૧૨.૨૨.
આરોગ્ય અધિકારી
અ.મ્યુ.કો.

Scanned with CamScanner

## ❖ <u>મિઝલ્સ (ઓરી) રોગ અંગેની ઓળખ તથા જાણકારી અંગે શાળા માટેની માર્ગદર્શિકા</u> ❖

- મિઝલ્સ (ઓરી) એક અત્યંત ચેપી વાયરસ છે, જે ચેપગ્રસ્ત વ્યક્તિના સંપર્કમાં આવવાથી તેની ખાંસી અને છીંક દ્વારા ફેલાય છે .
- ઓરીના દર ૪ દર્દીમાંથી ૧ દર્દીને ન્યુમોનિયા, ઝાડા, મગજનો સોજો (Encephalitis) અને કાનના ચેપના કારણે હોસ્પિટલમાં દાખલ થઈ શકે છે .જો સમયસર સારવાર નહ કરવામાં આવે તો ઓરીથી પીડિત દર ૧,000 લોકોમાંથી ૧ અથવા ૨ મૃત્યુ પામે છે.

 

- આપની શાળામાં અભ્યાસ કરતા બાળકોને મિઝલ્સ (ઓરી)નાં લક્ષણો જેમ કે તાવ સાથે લાલ ફોલ્લીઓ દેખાય તો બાળકને શાળાએથી તાત્કાલિક રજા આપવી તથા નજીકના અર્બન હેલ્થ સેન્ટરના આરોગ્ય કર્મચારીને જાણ કરવી. ખાસ કરીને સદર બાળકના સંપર્કમાં આવેલ ક્લાસ/શાળાના અન્ય બાળકોને આ પ્રકારના ચિન્હો જણાય તે અંગે ફોલો-અપ લેવાનુ રહેશે.
- ઘરમાં કોઈપણ બાળકને તાવ સાથે લાલ ફોલ્લીઓ (રેશ) દેખાય તો તે બાળક માંદગીમાંથી સાજા ના થાય ત્યાં સુધી માતા-પિતાએ બાળકને શાળામાં મોકલવા નહિ તે અંગેની જાણકારી આપવી તથા ઓરી રોગનો ફેલાવો અટકાવવા માટે સદર બાળકને લાલ ફોલ્લીઓ (રેશ) દેખાયાના ઓછામાં ઓછા ચાર દિવસ સુધી ઘરમાં અન્ય સભ્યોથી અલગ રાખવા અંગે માતા-પિતાને માહિતગાર કરવાના રહેશે.
- ”રાષ્ટ્રીય સાર્વત્રિક રસીકરણ “અંતર્ગત નવ માસથી પાંચ વર્ષ સુધીના તમામ બાળકોને ઓરીની અસરકારક રસીના બે ડોઝ નજીકના સરકારી / મ્યુનિસિપલ અર્બન હેલ્થ સેન્ટર તથા કોમ્યુનીટી હેલ્થ સેન્ટર ખાતે આપવામાં આવે છે તથા ઓરીના કેસો નોધાયેલ વિસ્તારમાં રહેતા નવ માસથી પાંચ વર્ષ સુધીના તમામ બાળકોને વધારાનો એક ડોઝ આપવામાં આવે છે.
- અંધત્વ અટકાવવા માટે ઓરીના ચેપ લાગેલ બાળકને વિટામીન-એ ના બે ડોઝ અવશ્ય અપાવવા.

## <u>ઓરી ઝડપથી આગળ વધે છે. તેને રોકવા માટે આપણે સાથે મળીને વધુ ઝડપથી આગળ વધવાની જરૂર છે.</u>